જન્મદિને વધામણી

સત્યપ્રકાશ સૂરિ
યોગ શિક્ષક, શ્રી અરવિંદ કેન્દ્ર
ફોન : ૨૩૨૨૪૬૫૦

યોગેશ ડાહ્યાભાઈ ભટ્ટ
મો. ૯૭૨૩૮ ૯૫૨૦૧

ડો. રીયા પટેલ

મિતરાજસિંહ ઈન્દ્રસિંહ બિહોલા
મો. ૭૮૭૪૮ ૬૦૭૮૧

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

વિશિષ્ટ ખેલ મહાકુંભમાં ગાંધીનગર જિલ્લાને ચાર ગોલ્ડ સહિત કુલ ૧૯ મેડલ

વિશિષ્ટ પ્રશિક્ષકોની મહેનત રંગ લાવી : જિલ્લાના માનસિક વિશિષ્ટ ખેલાડીઓએ જ્વલંત વિજય પ્રાપ્ત કર્યો

ગાંધીનગર, તા. ૩

માનસિક વિશિષ્ટ ખેલવીરો માટે આયોજિત વિશિષ્ટ ખેલ મહાકુંભની રાજ્યકક્ષાની સ્પર્ધામાં ગાંધીનગર જિલ્લાને ચાર ગોલ્ડ મેડલ સહિત કુલ ૧૮ મેડલ પ્રાપ્ત થયા છે અને સમગ્ર રાજ્યમાં ગાંધીનગર જિલ્લાએ આઠમો ક્રમ પ્રાપ્ત કર્યો છે.

સાબર સ્ટેડિયમ, હિંમતનગર ખાતે આ વિશિષ્ટ ખેલ મહાકુંભ યોજવામાં આવ્યો હતો, જેમાં ભાગ લઈને ગાંધીનગર જિલ્લાના વિશિષ્ટ પ્રશિક્ષકોની આયોજનપૂર્વકની મહેનતને નિખારતાં જિલ્લાના માનસિક વિશિષ્ટ ખેલવીરોએ આ સિદ્ધિ હાંસલ કરી હતી.

૨૦૦ મીટર દોડમાં ચાર્મી પ્રકાશભાઈ પટેલ, ૫૦ મીટર દોડમાં સંદીપ રાજુજી ચાવડા, ૧૦૦ મીટર વૉકમાં ગિરીશ ભરતભાઈ પટેલ અને ૧૦૦ મીટર વૉકમાં ઉર્વી અતુલભાઈ રાવલ ગોલ્ડ મેડલ હાંસલ કરવામાં સફળ રહ્યાં હતાં. જ્યારે અનિલ બકાભાઈ રાવલ (૧ કિમી ટાઈમ ટ્રેઈલ), સંગીતા કનુભાઈ જાદવ (લોંગ જમ્પ), પલ્લવી પ્રભુદાસ સેનમા (શૉટ પુટ), મેલાજી પ્રહલાદજી ઠાકોર (૫૦ મીટર રન), વસંતબેન વિક્રમસિંહ રાઠોડ (૫૦ મીટર રન), વિજય લાલજી ઠાકોર (૧૦૦ મીટર વૉક) અને કમલેશ પરસોત્તમભાઈ ગોહેલ સિલ્વર મેડલ પ્રાપ્ત કરવામાં સફળ રહ્યા હતા.

આ ઉપરાંત, સોમીબેન વિચાજી ઠાકોર (૧ કિમી ટાઈમ ટ્રેઈલ), આમરી રુસાલભાઈ શેખ (૧ કિમી ટાઈમ ટ્રેઈલ), દશરથ ભુપતાજી ઠાકોર (૨૦૦ મીટર રન), શૈલેષ સુરસંગજી ઠાકોર (૪૦૦ મીટર રન), સુરેશ બાલાજી ચૌહાણ (૮૦૦ મીટર રન), જનકસિંહ મનહરસિંહ ચૌહાણ (લોંગ જમ્પ) અને સંજય બેચરજી ઠાકોર (૨૫ મીટર રન) બ્રૉન્ઝ મેડલ પ્રાપ્ત કરવામાં સફળ રહ્યા હતા.

જિલ્લા રમતગમત અધિકારી કચેરીએ સૌ ખેલવીરો અને વિશિષ્ટ પ્રશિક્ષકોને આ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા છે.

રાજ્યકક્ષાની સાયન્સ ડ્રામા સ્પર્ધામાં શહેરની પ્રેરણા વિદ્યાલય ઝળકી

કુંતલ નિમાવત લિખિત-દિગ્દર્શિત નાટક 'આંધળો પાટો' રજૂ કરી વિદ્યાર્થીઓએ 'ઊર્જા બચાવો'નો સંદેશ આપ્યો

ગાંધીનગર, તા. ૩

નેશનલ સાયન્સ ડેની ઉજવણી નિમિત્તે આયોજિત સાયન્સ કાર્નિવલ અંતર્ગત રાજ્યકક્ષાની સાયન્સ ડ્રામા સ્પર્ધામાં ગાંધીનગર શહેરની પ્રેરણા વિદ્યાલયના વિદ્યાર્થીઓએ ભાગ લઈ સુંદર નાટકનું પ્રદર્શન કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે પ્રેરણા વિદ્યાલયે આ વખતે સળંગ ચોથા વર્ષે જિલ્લા કક્ષાની સાયન્સ ડ્રામા સ્પર્ધામાં અવ્વલ સ્થાન મેળવીને રાજ્યકક્ષાની સ્પર્ધામાં સ્થાન મેળવ્યું હતું.

સાયન્સ સિટી અમદાવાદ ખાતે આયોજિત આ નાટ્ય સ્પર્ધામાં પ્રેરણા વિદ્યાલય તરફથી કુંતલ નિમાવત લિખિત-દિગ્દર્શિત સાયન્સ ડ્રામા 'આંધળો પાટો' રજૂ થયું હતું. શિક્ષક સંજયભાઈ પરમારની આગેવાની હેઠળ શાળાના વિદ્યાર્થી જયરાજસિંહ, દેવાંગ પ્રજાપતિ, ભાર્ગવસિંહ વાઘેલા, ભાવિક કિશોરી, માહી સાધુ, ધૃતિ રાવલ, વર્ષા રબારી, પ્રિયંકા રબારીએ આ નાટકમાં અભિનયનાં અજવાળાં પાથર્યાં હતાં અને 'ઊર્જા બચાવો'નો સુંદર સંદેશ પણ દર્શકોને નાટકના માધ્યમથી આપ્યો હતો.

રાજ્યકક્ષાએ સુંદર નાટકનું પ્રદર્શન કરી શાળાનું, શહેરનું નામ ઉજાળવા ને સમાજને ઊર્જાબચાવોનો સુંદર સંદેશ આપવા બદલ આ સૌ વિદ્યાર્થીઓ તથા નાટ્ય લેખક, દિગ્દર્શક કુંતલ નિમાવતને શાળા પરિવાર વતી ટ્રસ્ટી પ્રદીપસિંહ બિહોલા અને આચાર્ય મનિષભાઈ ખત્રીએ અભિનંદન પાઠવ્યા હતા.

પ્રથમ અખિલ ગુજરાત નેત્રહિન કોમ્પ્યુટર કૌશલ્ય સ્પર્ધાનો ઈનામ વિતરણ સમારોહ યોજાયો

રાષ્ટ્રીય અંધજન મંડળના અધ્યક્ષ ભાસ્કરભાઈ વાય મહેતાનું શાલ અને સન્માન પત્રના માધ્યમથી શિક્ષણમંત્રીના હસ્તે સન્માન કરાયું

ગાંધીનગર, તા. ૩

સર્વિસ એસોસિએશન ફોર ધી બ્લાઈન્ડ, ગાંધીનગર અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે નેત્રહિનો માટેની પ્રથમ અખિલ ગુજરાત નેત્રહિન કોમ્પ્યુટર કૌશલ્ય સ્પર્ધા રવિવારે મમતા કૉમ્પ્યુટર સેન્ટર, સેક્ટર-૨૩ ખાતે યોજાઈ હતી, જેમાં રાજ્યભરમાંથી આવેલાં પ્રજ્ઞાચક્ષુ કૉમ્પ્યુટર રસિકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ સ્પર્ધાનો સમાપન સમારોહ બ્રહ્માણી કૃપા હોલ, ફાર્મસી કૉલેજ કૅમ્પસ, ખાતે સાંજે ૪ કલાકે યોજવામાં આવ્યો હતો, જે અંતર્ગત રાજ્યના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે વિજેતાઓને ઈનામો તરીકે રોકડ, ચંદ્રકો અને ચાંદીના સિક્કા એનાયત કરવામાં આવ્યાં હતાં. પૂર્વ વિકલાંગ કમિશનર ભાસ્કરભાઈ વાય મહેતાની વરણી રાષ્ટ્રીય અંધજન મંડળના અધ્યક્ષ તરીકે થતાં આ પ્રસંગે તેમનું શાલ અને સન્માન પત્રના માધ્યમથી શિક્ષણમંત્રીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

પ્રથમ અખિલ ગુજરાત નેત્રહિન કોમ્પ્યુટર કૌશલ સ્પર્ધાના વિજેતા

વિભાગ-અ		
પ્રથમ	રાહુલ પરબતભાઈ વાણિયા	અંધજન વિવિધલક્ષી તાલીમ કેન્દ્ર, જામનગર
દ્વિતિય	કન્દ્રાબેન છોટુભાઈ પવાર	અંધશાળા, ડાંગ
તૃતિય	સુરેશ ગાભાજી પરમાર	અંધશાળા, ગાંધીનગર
વિભાગ - બ		
પ્રથમ	આરતી માધવજીભાઈ સાનાયા	અંધ કન્યા પ્રકાશ ગૃહ, મેમનગર, અમદાવાદ
દ્વિતિય	વિક્રમ સોમાભાઈ ડાભી	સ્કૂલ ફોર ધ બ્લાઈન્ડ, વસ્ત્રાપુર, અમદાવાદ
તૃતિય	સોનલ બુધાભાઈ મકવાણા	સી યુ શાહ પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવાકુંજ, સુરેન્દ્રનગર
વિભાગ - ક		
પ્રથમ	નિરંજન ગોવિંદભાઈ વાળા	અંધશાળા, નવરંગપુરા, અમદાવાદ
દ્વિતિય	મીની વિજયકુમાર ગોયલ	અંધ કન્યા પ્રકાશ ગૃહ, મેમનગર, અમદાવાદ
તૃતિય	સરિતા જનાર્દનભાઈ જયસ્વાલ	સી યુ શાહ પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવાકુંજ, સુરેન્દ્રનગર

કલ્પતરૂ 'કી ફેક્ટર'... કોશિશ કરનેવાલોં કી હાર નહીં હોતી

સબસે આગે હોંગે કલ્પતરૂ વાલે... ડાન્સ, સ્કિટ, મિમિક્રી, ગીતો અને ફેશન શો સાથે કલ્પતરૂ પરિવારના સભ્યોનું શાનદાર પરફોર્મન્સ

ચેરમેન મોફતરાજ મુનોતે કર્મચારીઓને લૉન્ગ સર્વિસ ઍવોર્ડથી સન્માનિત કરી એમને પોતાની વૅલ્યુએબલ ઍસેટ ગણાવી

લહરોંસે ડર કર નૌકા પાર નહીં હોતી, કોશિશ કરનેવાલોં કી કભી હાર નહીં હોતી...

હરિવંશરાય બચ્ચનની આ પ્રસિધ્ધ કવિતા કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશન લિ. કંપનીના ચેરમેન મુફોતરાજ મનોતે કલ્પતરૂના વાર્ષિક સમારોહમાં સ્ટેજ પરથી લલકારીને કલ્પતરૂ પરિવારને એક અદમ્ય પ્રેરણા પૂરી પાડી હતી. કંપનીમાં જે કર્મચારીઓએ ૧૫ અને ૨૫ વર્ષ પૂર્ણ કર્યાં હતાં તેમને લૉન્ગ સર્વિસ ઍવોર્ડ આપી સન્માનિત કરતાં એમણે સ્ટાફને પોતાની વૅલ્યુએબલ ઍસેટ ગણાવી હતી. વર્ષોથી એકધારી સર્વિસ આપી કલ્પતરૂને વિશ્વની નંબર એક કંપની બનાવવામાં પાયાના કર્મચારીઓ અને સતત પ્રયત્નો જ કિ ફેક્ટર છે એવું જણાવી સૌને પ્રોત્સાહિત કર્યા હતા. ચેરમેન ઉપરાંત કંપનીના ટૉપ મૅનેજમૅન્ટ અધિકારી મનીષ મોહનોત, કમલ જૈન, ડી બી પટેલ, ઍમ એ બારૈયા, ડી એસ ગાંધી, અનિલ કુમાર, શંકર રામમૂર્તિ, સંજય દાલમિયા, રાજીવ દલેલાના હસ્તે કર્મચારીઓને ઍવોર્ડ એનાયત કરવામાં આવ્યા. એ દરમ્યાન સંબંધિત કર્મચારી વિશે તેના અધિકારીએ ઉચ્ચારેલા શબ્દોનો વિડીયો પણ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો.

કલ્પતરૂ કંપની દર વર્ષે પોતાના સ્ટાફને પરિવાર સાથે આમંત્રિત કરીને ઍન્યુઅલ ગેટ ટુ ગેધર સેલિબ્રેટ કરે છે. આ વખતે 'ઉમંગ-૨૦૧૬' શિર્ષક હેઠળ એમણે વાર્ષિકોત્સવ ઉજવ્યો. આ વખતનું મુખ્ય આકર્ષણ એટલે સ્ટાફ મૅમ્બર્સે જાતે ભાગ લઈને આખી ઈવેન્ટને યાદગાર બનાવી.

કંપનીના અધિકારીઓ દ્વારા દીપ પ્રાગટ્ય બાદ ચિલ્લર પાર્ટીએ ગણેશ વંદનારૂપે લેઝીમ ડાન્સ તથા ત્યારબાદ વેસ્ટર્ન ડાન્સ પ્રસ્તુત કરીને માહોલને ચાર્જ કરી દીધો.

એ પછી ગાયક કલાકારોએ દોર સંભાળ્યો. વૈશાલી ચોક્સી, વિપીન વાશનેય, અમિત રાવલ, અજય કુંપાવત, અજય વૈશેપાયન, રાજન રસ્તોગી, જિતેન્દ્ર જૈન અને છ વર્ષની અનન્યા થોરાતે ભરપૂર તાળીઓની દાદ મેળવી.

કલ્પતરૂ પરિવારની મહિલાઓ મિતાલી ત્રિવેદી, લતા શુક્લ, શર્વરી મહેતા, હિના સુથાર, ફાલ્ગુની ભાવસાર, શ્વેતા શાહ, સોનિયા વાશનેય, પિંકી પ્રજાપતિ અને મૈત્રી જાગીરદારે પણ ત્રણ જાનદાર ગીતો પ્રસ્તુત કરીને કાર્યક્રમમાં પોતાની મજબૂત ભાગીદારી નોંધાવી ને એ દરમ્યાન સાત્વિક ત્રિવેદીએ બે સ્ટેપ્સ બતાવીને દાદ મેળવી લીધી.

પ્રૉડક્શન અને ડિસ્પેચ વિભાગે ભેગા મળીને રામલીલા ફિલ્મના ગીત પર પરફોર્મન્સ આપ્યું. આશિષભાઈ, સંતોષ પટેલ, હેમંત પ્રજાપતિ, બિપીન પોકળ, ભાર્ગવ



ચાવડા, મનોહર ઝાલા, કૌશિક પટેલ, હિમાંશુ બાયડ, તુષાર ગઢિયા દિલ દઈને નાચ્યા.

એ પછી 'કલ્પતરૂવાલે' નામની સ્કિટ સાથે સંજય થોરાત, સંતોષ પટેલ, હેમંત પ્રજાપતિ, આશિષ નાયી, બિપીન પોકળ, રિદ્ધિ થોરાત, કિંજલ સુથાર, શ્વેતા શાહ અને પિંકી પ્રજાપતિએ ઑફિસમાં થતી રોજ-બ-રોજની રમૂજ સાથે એક સંદેશ પણ શ્રોતાઓને અર્પણ કર્યો.

ડિઝાઈનીંગ-માર્કેટિંગ વિભાગના યુવાઓએ લુંગી ડાન્સ અને 'રિંગા-રિંગા' ગીત પર ડાન્સ પ્રસ્તુત કર્યો, જેમાં ઉમંગ વ્યાસ, વિનય દધિચી, શશી નોટાણી, અભિનવ મિશ્રા, યશ પંડ્યા, કૌશલ ઠક્કર, અપૂર્વ શાહ, દિવ્યા શાહ, લવલીન કૌર, મુનાફ મનસુરી, રિપલ પટેલ, શ્રદ્ધા અગ્રવાલ, પાર્થ દેસાઈ, કૌશલ રાવલ જોડાયા હતા.

એ પછી દેવેન્દ્ર પટેલે મિમિક્રી અને મહેન્દ્ર પટેલે ફિશપૉન્ડનો કાર્યક્રમ પ્રસ્તુત કરી સૌને ખૂબ હસાવ્યાં. સૌથી છેલ્લે ફેશન શો સહિત ગ્રાન્ડ ફિનાલે એ કાર્યક્રમની ચરમસીમારૂપ કૃતિ બની રહી. દેશના વિવિધ પ્રાંતોનાં વસ્ત્રો ધરીને ૫૦થી વધુ સભ્યોએ રૅમ્પવૉક કરી ને છેલ્લે તો ઍમડી, ચેરમેને પણ રૅમ્પવૉક કરીને સૌને ચકિત કરી દીધાં.

આ ઈવેન્ટને સફળતાપૂર્વક પાર સંજય થોરાત સહિત અનેકનો સિંહફાળો રહ્યો હતો. કાર્યક્રમને નિખાર આપવા માટે મુંબઈથી ખાસ કોરિયોગ્રાફરને બોલાવવામાં આવ્યા હતા; અજીત બાગવે, દિપ્તેશ કિશ્નન, અવધૂત પાવસકર અને તન્વીએ પણ એમના પરિચય સાથે રૅમ્પવૉક કરી હતી.

ભવ્ય સેટ, સુંદર લાઈટીંગ, ઑરકેસ્ટ્રા, પરાગ કંસારા જેવા મિમિક્રી આર્ટીસ્ટ, ચંદ્રેશ ભંડારી જેવા ઍન્કર અને સ્ટાફ પરિવારના ઈન્ટરનલ ટૅલેન્ટ સાથેનો આ કાર્યક્રમ ભવ્ય અને યાદગાર બની રહ્યો.

એક ઔર વાહ

કલ્પતરૂ કંપની 'કલ્પસેવા'ના નામે એક ચૅરિટી હૉસ્પિટલ ગાંધીનગરમાં ચલાવે છે, એમાં ગાંધીનગરના ખ્યાત તબીબો સેવા આપે છે. આ કાર્યક્રમમાં એ સઘળા તબીબોને આમંત્રણ આપીને એમને સન્માન બક્ષવામાં આવ્યું હતું.

વિશ્વ મહિલા દિવસ નિમિત્તે

કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા ગાંધીનગરમાં મહિલા સ્વાવલંબન અંગે વિશિષ્ટ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૩

વિશ્વ મહિલા દિવસ નિમિત્તે ગાંધીનગરમાં મહિલા સ્વાવલંબન અંગેના એક વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગરની સર્વપ્રથમ યુનવર્સિટી કડી સર્વ વિશ્વવિદ્યાલયના 'મહિલા ઉદ્યોગસાહસિકતા સેલ' દ્વારા 'એક કદમ આત્મનિર્ભરતા કી ઓર' નામના આ કાર્યક્રમનું આયોજન આગામી તા. ૮ માર્ચના રોજ ઍલડીઆરપી હૉલ, વિશ્વવિદ્યાલય સંકુલ, સેક્ટર-૧૫ ખાતે સવારે ૧૦.૩૦થી ૧૨.૩૦ દરમ્યાન કરવામાં આવ્યું છે.

મહિલા ઉદ્યોગ સાહસિકતા સેલનાં મુખ્ય સંયોજક પ્રૉ. કૃતિ પટેલે આ અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે મહિલાઓને આત્મનિર્ભરતા તરફ લઈ જવાના આ વિશિષ્ટ પ્રયાસને બળ આપવા માટે કાર્યક્રમનાં મુખ્ય અતિથિ તરીકે આયમા ક્રિએશન્સ પ્રા. લિ.નાં ડિરેક્ટર મીના કાવિયા તથા અતિથિ વિશેષ તરીકે મેન્સ્ટ્રુપેડિયાનાં સ્થાપક અદિતિ ગુપ્તા ઉપસ્થિત રહેશે. સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રમુખ વલ્લભભાઈ પટેલ તથા વિશ્વવિદ્યાલયના ડિરેક્ટર પ્રૉ. ડી ટી કાપડિયા પણ આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેશે.

આજે કોઈપણ ક્ષેત્ર એવું નથી જેમાં મહિલાઓની ઉપસ્થિતિ ન હોય. વ્યાવસાયિક ક્ષેત્રે મહિલાઓ હજુ વધુ સફળતા મેળવે અને પુરુષ સમોવડી બને એ ન માત્ર મહિલાના, પરંતુ સમાજનાય હિતમાં છે. સંતુલિત સમાજ માટે આ જરૂરી છે. આ જ હેતુને ઉજાગર કરવા અને વધુ ને વધુ સ્ત્રીઓને ઉદ્યોગ સાહસિક બનાવવા આ વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા વિશ્વવિદ્યાલયની પૂર્વ તથા વર્તમાન વિદ્યાર્થીનીઓને આમંત્રણ આપવામાં આવ્યું છે, એ અર્થમાં મહિલા દિવસ નિમિત્તે આયોજિત આ કાર્યક્રમ એ મહિલા મહાસંમેલન બની રહેશે અને જે કોઈ વિદ્યાર્થીનીને ઉદ્યોગ સાહસિકતા અંગે સહાયની જરૂર હોય તેમને આ અંગે યોગ્ય સહાય અને માર્ગદર્શન આપવામાં આવશે એમ પ્રૉ. કૃતિએ વધુમાં જણાવ્યું છે.